# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-01-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH LOKARPAN

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે તેમનાં તેમના મતવિસ્તાર ગાંધીનગર જિલ્લાનાં માણસા તાલુકાનાં અંબોડ ખાતે અંદાજે 241 કરોડ રૂપિયાનાં વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમૂહુર્ત કર્યું હતું. શ્રી શાહે માણસા તાલુકાના લાકરોડા ગામે સાબરમતી નદીના કાંઠા પર નીલકંઠ મહાદેવ મંદિર પાસે એક કરોડ 33 લાખ રૂપિયાનાં સંરક્ષણ દિવાલના કામનું ઇ-લોકાર્પણ કર્યું હતું અને માણસા સર્કિટહાઉસનું પણ લોકાર્પણ કર્યું હતું.

*(બાઈટ – અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)*

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી, જળસંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયા પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

શ્રી શાહ હવે પછી માણસા સર્કિટ હાઉસ, ગોલથરા ખાતે સગર્ભાઓને લાડુનું વિતરણ કરશે, તેઓ  કલોલના નારદીપુરમાં રામજીમંદિરમાં સાધનોનું વિતરણ કરશે. કલોલ-સાણંદ રોડનું ખાતમુહુર્ત કરશે તેમજ સઇજ ખાતેના ઓવરબ્રિજ સહિતના વિવિધ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે.

કેન્દ્રીય ગૃહમંત્રી આવતીકાલે અનંત અનાદિ વડનગર કાર્યક્રમ અંતર્ગત વડનગર ખાતે ૨૯૮ કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમ ૭૨ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલ પ્રેરણા સંકુલ અને ૩૩ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા  વડનગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું લોકાર્પણ કરશે.

. . . . . . . . . . . . .

# KARUNA ABHIYAN

ઉત્તરાયણના તહેવાર દરમિયાન પતંગના દોરાથી ઘાયલ થનાર પક્ષીઓ માટે રાજ્યમાં ખાસ કરૂણા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં વન વિભાગ, પશુપાલન વિભાગ અને જીવદયા પ્રેમી સંસ્થાઓ દ્વારા પક્ષીઓની સારવાર માટેની કામગીરી કરવામાં આવે છે.

મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે દોરાથી ઘાયલ ટિટોડી પક્ષીની પશુ ચિકિત્સક દ્વારા સારવાર કરવામાં આવી હતી. મહીસાગર જિલ્લામાં અત્યાર સુધી 13 પક્ષીઓને સારવાર આપવામાં આવી છે. આ અંગે પશુ ચિકિત્સક ડૉક્ટર કે જે પટેલે આ મુજબ જણાવ્યું.

(બાઇટ -- ડો. કે. જે. પટેલ, પશુ ચિકિત્સક)

દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લામાં 10મીથી 14મી જાન્યુઆરી સુધીમાં 137 પક્ષીઓની સારવાર કરવામાં આવી હતી જેમાંથી 125 જેટલા પક્ષીઓને નવજીવન મળ્યું હતું. જ્યારે 12 પક્ષીઓના મૃત્યુ થયા હતા. વઢવાણ ખાતે શરૂ કરાયેલા સારવાર કેન્દ્રની મુલાકાત લેતાં નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાએ ઘાયલ થયેલા પશુ-પક્ષીઓને નજીકના સારવાર કેન્દ્ર પર પહોંચાડવા અનુરોધ કર્યો હતો.

પાટણ જિલ્લાનાં અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, પાટણમાં ચાઈનીઝ દોરીથી ઘવાઈને મૃત્યુ પામેલા પક્ષીઓની અંતિમયાત્રા નિકળી હતી. પાટણના જીવદયાપ્રેમીઓ દ્વારા મૃત પક્ષીઓ ઉપર અબીલ ગુલાલ છાંટીને તેમજ ફૂલહાર કરીને ધાર્મિક વિધિ સાથે અંતિમયાત્રાનું આયોજન કરાયું હતું.પાટણમાં આજે બપોર સુધીમાં 30 જેટલા પક્ષીઓ ઘાયલ થઈને મૃત્યુને પામ્યા.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# Rakot Emergency case

ઉત્તરાયણનાં દિવસે ગઈકાલે રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત મહાનગર સહિત સમગ્ર રાજ્યમાં ૪ હજાર ૯૪૮ જેટલા કેસ ઓપરેટ કરવામાં આવ્યા હતાં. જેમાં સૌથી વધુ ટ્રોમાનાં ૧ હજાર ૧૩૬ અને વાહન અકસ્માતના ૧ હજાર ૨૦ કેસ હતા.

રાજકોટ જિલ્લામાં 108 ઇમરજન્સી સર્વિસમાં ૨૯૬ જેટલા ઇમર્જન્સી કેસ નોંધાયા હતા, જે સામાન્ય દિવસોની સરખામણીમાં ૩૭ ટકા જેટલા વધુ છે તેમ પ્રોગ્રામ મેનેજર ચેતન ગાધેએ જણાવ્યું છે.

આ કેસોમાં અકસ્માતમાં છત પરથી પડી જવાના, મારામારીમાં ઈજાગ્રસ્ત થવાના, દોરાથી ઘાયલ થવાના અને વાહન અકસ્માતના બનાવો સામેલ છે. જેમાં રાજકોટમાં ૧૮ જેટલા કિસ્સામાં છત પરથી પડી જવાના, ૩૨ જેટલા કિસ્સામાં દોરીથી ઘાયલ થવાના અને અન્ય અકસ્માતના કિસ્સા વધારે જોવા મળ્યા છે.

આ ઉપરાંત, તાવ, હૃદય, ફેફસા, પ્રસુતિ સહિતના કેસમાં ઇમર્જન્સી સારવાર પુરી પાડવામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા મદદરૂપ બની છે.

ગુજરાતમાં વાસી ઉત્તરાયણનું પણ મહત્વ હોઈ આજના દિવસે પણ ૪૯૦૦ થી વધુ ઇમર્જન્સી કેસની સંભાવના હોવાનું ૧૦૮ વિભાગ દ્વારા જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# AHMEDABAD CIVIL HOSPITAL

ઉત્તરાયણ પર્વ દરમિયાન અમદાવાદ સિવિલ હૉસ્પિટલના ડોકટરની ટીમ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે જેથી કોઈ દર્દી સારવાર માટે આવે તો ઝડપથી સારવાર આપી શકાય. સિવિલ હોસ્પિટલના સુપરિટેન્ડેન્ટ ડૉક્ટર રાકેશ જોષીએ જણાવ્યું હતું કે ઉત્તરાયણના પર્વ દરમિયાન 37 દર્દીઓને ટ્રોમા સેન્ટરમાં સારવાર આપવામાં આવી હતી. જેમાંથી 33 દર્દીઓને OPDમાં સારવાર આપીને રજા આપી દેવામાં આવી છે. દોરીથી ગળું તેમજ નાકે ઈજા પહોંચનાર 4 દર્દીઓને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . .

# AHMEDBAD FLOWER SHOW

અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે ચાલી રહેલા ફ્લાવર શોમાં 14 જાન્યુઆરીએ  ઉત્તરાયણની રજાના દિવસે 1 લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી હતી. સવારે 9થી રાત્રે 11 વાગ્યા સુધીમાં 1 લાખ 1 હજાર લોકોએ મુલાકાત લેતા કોર્પોરેશનને એક જ દિવસમાં 86 લાખ રૂપિયાની આવક થઈ છે.

આજે પણ મોટી સંખ્યામાં મુલાકાતીઓ ફ્લાવર શો જોવા ઉમટી પડે તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે 14 જાન્યુઆરી સુધીમાં આશરે 5 લાખથી વધુ લોકો ફ્લાવર શોની મુલાકાત લઈ ચૂક્યા છે.

. . . . . . . . . . . . .

# Palitana School Opening

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવીયાએ પાલીતાણાના નોંધણવદર અને હણોલ ગામમાં મકરસંક્રાતિના પર્વના દિવસે અનેક યોજનાઓનું લોકાર્પણ અને ખાતમુર્હૂત કર્યું હતું.

શ્રી માંડવીયાએ પાલીતાણાની નોંધણવદર શાળા ખાતે વર્ષ ૨૦૧૮-૧૯ માં વર્ષમાં સંસદ ગ્રાન્ટમાંથી ફાળવેલા ૩૪ લાખ રૂપિયામાંથી તૈયાર થયેલા આઠ રૂમ તેમજ શાળાનું લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત નોંધણવદર ગામમાં ૭૪ લાખના અન્ય પ્રકલ્પોનું લોકાર્પણ અને પાલીતાણાના હણોલ ગામમાં રોડના કામોનું ખાતમુર્હુત કર્યું હતું.

. . . . . . . . . . . . .